મોટા પ્રિન્ટમાં સંસ્કરણ

NHS
North Central London
Elective Orthopaedic Network

# આયોજિત ઉત્તર મધ્ય લંડનમાં ઓર્થોપેડિક સંભાળ

## તમારા વિકલ્પો

સેવા પ્રદાતા:
North Middlesex University Hospital NHS Trust
Royal Free London NHS Foundation Trust
Royal National Orthopaedic Hospital
Whittington Health NHS Trust
University College London Hospitals NHS Foundation Trust



# તમારી આયોજિત ઓર્થોપેડિક સંભાળ

આ પત્રિકામાં આપવામાં આવેલી માહિતી એવા દર્દીઓ માટે છે જેને હોસ્પિટલની ટીમની આયોજિત ઓર્થોપેડિક સંભાળની જરૂર છે.

- આ પત્રિકામાં આપવામાં આવેલી માહિતી એવા દર્દીઓ માટે છે જેને હોસ્પિટલની ટીમની આયોજિત ઓર્થોપેડિક સંભાળની જરૂર છે
- ઓર્થોપેડિક સંભાળ એ હાડકાં, સાંધા અને સ્નાયુઓ માટેની સંભાળ છે

તમને જે સંભાળની જરૂર છે તેમાં નિષ્ણાંતની સલાહ, રોગના નિદાન માટેના પરીક્ષણો (જેમ કે

એક્સ-રે અને લોહીની તપાસ) અથવા સર્જરી શામેલ હોઇ શકે છે. આ આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટ, દિવસની સર્જરી અથવા ઇનપેશન્ટ સંભાળ અથવા આના સંયોજન તરીકે થઇ શકે છે.

- દિવસની સર્જરી એ એવી સર્જરી છે જે રાતે હોસ્પિટલમાં રહેવાની જરૂરિયાત વિના દિવસમાં થઇ શકે છે

- ઇનપેશન્ટ સર્જરી એ એવી સર્જરી છે જેમાં દર્દીને ઓછામાં ઓછી એક રાત હોસ્પિટલમાં રહેવાની જરૂર પડે છે.
- આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટમાં આરોગ્ય સંભાળ પ્રેક્ટિશનર સાથે સલાહ-સૂચનો થાય છે. આ તમારા લક્ષણોની વધુ સારી સમજણ મેળવવા માટે, સારવારના કોર્સ પર ચર્ચા કરવા અથવા સર્જરી પછી ફોલો-અપ માટે તમારા ડોક્ટર, નર્સ અથવા અન્ય આરોગ્ય વ્યવસાયી હોઇ શકે છે, .

## પસંદ કરવાનો તમારો અધિકાર

આ માહિતી બાર્નેટ, કેમ્ડેન, એનફિલ્ડ, હારંગી અને ઇસલિંગ્ટનમાં રહેતા દર્દીઓ માટે છે જેમને નિતંબ અને ઘૂંટણની રીપ્લેસમેન્ટ સહિત આયોજિત હોસ્પિટલની ઓર્થોપેડિક સંભાળ અથવા સર્જરીની; અને નિતંબ, ઘૂંટણ, ખભા, કોણી, પગ, પગની ઘૂંટીઓ અને હાથની અન્ય સર્જરીની

જરૂર પડી શકે છે.

આ પત્રિકામાં તે સંભાળ માટે ક્યાં જવું તે પસંદ કરવાના તમારા અધિકાર અને તમારા વિકલ્પો શું છે તે વર્ણવે છે.

તમે આ માહિતી પ્રાપ્ત કરી રહ્યાં છો કારણ કે તમારા GP, ફિઝિયોથેરાપિસ્ટ અથવા અન્ય કોઇ ક્લિનિશિયન એવું વિચારે છે કે તમને હોસ્પિટલની નિષ્ણાત ઓર્થોપેડિક્સ ટીમની સંભાળથી ફાયદો થઇ શકે છે.

જો તમને NHS માં શારીરિક અથવા માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ માટે સંદર્ભિત કરવામાં આવે છે, તો મોટાભાગના કેસોમાં, જ્યાં સુધી તે હોસ્પિટલ તમને જરૂરી સેવા પૂરી પાડે ત્યાં સુધી તમે કયા હોસ્પિટલ અથવા સેવા પર જાઓ છો તે પસંદ કરવાનો તમારો કાનૂની અધિકાર છે.  આમાં NHS હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો જે NHS વતી આ પ્રકારની સંભાળ પૂરી પાડે છે, શામેલ છે. જ્યાં સુધી તે ટીમ તમને જરૂરી સારવાર આપે ત્યાં સુધી તમે સલાહકાર અથવા પ્રખ્યાત આરોગ્ય સંભાળ વ્યવસાયીની આગેવાની હેઠળ તમારી ક્લિનિકલ ટીમ પણ પસંદ કરી શકો છો.

મોટે ભાગે, લોકો તેમની સ્થાનિક હોસ્પિટલોમાંથી પસંદ કરશે; તેમ છતાં, જો તમેં લંડનમાં અથવા દેશમાં બીજે ક્યાંક સંદર્ભિત થવા માંગતા હો, તો તમે કયા વિકલ્પો ઉપલબ્ધ છે તે પૂછી શકો છો.  ભલે તમને તમે જ્યાં જાઓ તેનાથી વાંધો ન હોય છતાં પણ તે જાણવું મહત્વપૂર્ણ છે કે તમારી પાસે પસંદગી છે.

તમને નક્કી કરવામાં તમારી સહાય કરવા માટે તમે:

- તમે તમારી GP સર્જરી, ફિઝીયોથેરાપિસ્ટ, રેફરલ સપોર્ટ સર્વિસ અથવા તમારી સંભાળમાં સામેલ અન્ય NHS સ્ટાફની સલાહ માગી શકો છો.
- 'તમારી નજીકની સેવાઓ' ટૂલનો ઉપયોગ કરીને www.nhs.uk/patientchoice દ્વારા સેવાઓ અને સલાહકારો ઓનલાઇન જુઓ અને તુલના કરો.
- મિત્રો, સંભાળકર્તા અને પરિવાર સાથે તમારા વિકલ્પોની ચર્ચા કરો.

તમારે સીધા જ પસંદ કરવાની જરૂર નથી. તમે માહિતી પર વિચાર કરવા માટે લેવા થોડો સમય લઇ શકો છો. તમારા ક્લિનિશિયનને કહો કે તમારે વધુ સમયની જરૂર છે અને તેઓ તમને શું કરવું તે કહેશે. ખાનગી હોસ્પિટલો સહિત તમે જે પસંદ કરી શકો છો તે હોસ્પિટલો અથવા સેવાઓ NHS દર્દીઓને નિ: શુલ્ક સારવાર પ્રદાન કરવા માટે સક્ષમ છે.

આ પત્રિકા ઉત્તર મધ્ય લંડન (બાર્નેટ, કેમ્ડેન, એનફિલ્ડ, હારંગી અને ઇસલિંગ્ટન) ની તમારા NHS હોસ્પિટલોના વિકલ્પો પર કેન્દ્રિત કરે છે.

# ઉત્તર મધ્ય લંડન વૈકલ્પિક ઓર્થોપેડિક નેટવર્ક

ઉત્તર મધ્ય લંડન વૈકલ્પિક ઓર્થોપેડિક નેટવર્ક દર્દીઓ માટે આપવામાં આવતી સંભાળને સુધારવા માટે બનાવવામાં આવ્યું છે. તે હોસ્પિટલ ટ્રસ્ટ વચ્ચેની ભાગીદારી પર આધારિત છે.

આ રીતે સાથે કામ કરવાનો અર્થ એ છે કે દર્દીઓ સમયસર ઉચ્ચ ગુણવત્તાની સંભાળ મેળવી શકે છે. સમગ્ર હોસ્પિટલોના ક્લિનિશિયન એક ટીમ તરીકે મળીને કામ કરશે, સંયુક્ત તાલીમ અને શિક્ષણ પ્રાપ્ત કરશે, અને હોસ્પિટલો તેમની સુવિધાઓ શેર કરી શકે છે, જેથી વધુ સમર્પિત પલંગ અને ઓપરેટિંગ થિયેટરોની સુધી એક્સેસ મળી શકે છે.

# મારી પાસે કયા વિકલ્પો છે?

એક દર્દી તરીકે તમારે માત્ર તે હોસ્પિટલ પસંદ કરવાની જરૂર છે જે તમે તમારી આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટ અને ફોલોઅપ માટે પસંદ કરશો.

આ હોસ્પિટલ તે હશે જ્યાં તમારી મોટાભાગની સંભાળ થશે.

આ હોસ્પિટલની ટીમ કોઇ પણ સર્જરી સહિતની તમારી બધી સંભાળની દેખરેખ કરશે, પછી ભલે તે સર્જરી ગમે ત્યાં થાય. બધા સંદર્ભોનું પરિણામ સર્જરી નથી હોતું પરંતુ જો તેની જરૂર હોય તો, આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટ માટે હોસ્પિટલની તમારી પસંદગી પછી નક્કી કરે છે કે આ સર્જરી ક્યાં થશે.

જ્યારે તમારા GP અથવા ફિઝીયોથેરાપિસ્ટ તમને સંદર્ભિત કરે છે ત્યારે તેઓ તમને હોસ્પિટલ નિષ્ણાતને કેમ મળવાની જરૂર છે તે વિશેની માહિતી પ્રદાન કરશે, અને તમને કયા પ્રકારની સારવારની જરૂર પડી શકે છે તે વિશે વધુ વિગત આપશે.

પસંદ કરતી વખતે, કયા પરિબળો તમારા માટે મહત્વપૂર્ણ છે તે વિશે વિચારો. આમાં તમે અન્ય NHS સંભાળ મેળવતા સ્થાનો, તમે એપોઇન્ટમેન્ટ માટે મુસાફરી કરી શકો તેવી

સરળતા, પાર્કિંગની ઉપલબ્ધતા અથવા ઘરની, જ્યાં તમે કામ કરો છો અથવા મિત્રો અને પરિવારની નજીક હોય તેવી જગ્યાનો સમાવેશ થઇ શકે છે.

*આ પુસ્તિકાનાં પાનાં 10 અને 11 જુઓ.*

## સંભાળ સંયોજકો

સંભાળ સંયોજકો અમારી ટીમના સભ્યો છે જે દર્દીઓને તેમની સંભાળ દરમિયાન વધારાની મદદ અને માર્ગદર્શન આપી શકે છે. તેઓ સર્જરી કરાવતા કોઇપણ માટે ઉપલબ્ધ છે, પરંતુ ખાસ કરીને વિકલાંગ, ઉન્માદ, શીખવાની અક્ષમતા અથવા હોસ્પિટલમાં આવવા અંગે બેચેન અનુભવતા દર્દીઓ માટે ઉપયોગી હોઇ શકે છે. તેઓ સંભાળકર્તાઓ અને પરિવારના સભ્યોને પણ મદદ કરી શકે છે.

તેઓ વ્યવહારિક બાબતોમાં જેમ કે એપોઇન્ટમેન્ટ માટે કેવી રીતે આવવું, સર્જરી પછી ઘરે જવા માટેની ગોઠવણ, ક્લિનિકલ ટીમો કોઇ ચોક્કસ જરૂરિયાતોને સમજે છે તે સુનિશ્ચિત કરવા અને આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓ સહીત દર્દીની સંભાળમાં સામેલ અન્ય ટીમો સાથે જોડાણમાં સહાય કરી શકે છે.

જો તમને લાગે કે સંભાળ સંયોજકની મદદથી તમને ફાયદો થશે, તો કૃપા કરીને તમે જયારે તમારી સંભાળ ક્યાં રાખવી તે પસંદ કરો ત્યારે તમારા GP અથવા ફિઝિયોથેરાપિસ્ટને જણાવો.

બધા દર્દીઓ માટે:

- તમારી એપોઇન્ટમેન્ટ પ્રખ્યાત સર્જન સાથે હશે, જે તેમની સર્જિકલ ટીમ સાથે, તમારી સંભાળનું નિરીક્ષણ કરશે, પછી ભલે તે ગમે ત્યાં થાય. તમારી એપોઇન્ટમેન્ટ જ્યાં થાય ત્યાં તમારા તબીબી રેકોર્ડ્સ ઉપલબ્ધ રહેશે.
- જો તમને સર્જરીની જરૂર હોય, તો જો ઉચ્ચ-અવલંબન સંભાળની જરૂરી હોય તો તે માટેનાએક્સેસ સાથેની અધતન સુવિધાઓમાં થશે.
- નિતંબ અને ઘૂંટણના રીપ્લેસમેન્ટ માટે, તમને તમારા ઓપરેશનને સમજવા, સર્જરીની તૈયારી કરવા અને પછીથી પુનર્વસન માટે, સર્જરી પહેલાના શિક્ષણના વર્ગો આપવામાં આવશે.
- દરેક હોસ્પિટલમાં ક્લિનિકલ ટીમો તમને ખૂબ જ સારી સંભાળ આપવા અને NHS માટે ઉપલબ્ધ હોય તેવા નવીનતમ સંશોધન અને નવીનતાઓનો લાભ લેવા માટે સાથે મળીને કામ કરશે
- અંતિમ ક્ષણે ઓપરેશન રદ થવાની શક્યતાને ઘટાડવા અને ચેપનું જોખમ ઓછું કરવા માટે, આયોજિત ઓર્થોપેડિક સર્જરીને કટોકટીની સંભાળથી અલગ કરવામાં આવી છે.

North Middlesex University Hospital / Royal Free London ની ભાગીદારી

UCLH / Whittington Health ની ભાગીદારી



# University College London Hospitals NHS Trust અને Whittington Health NHS Trust Partnership ની ભાગીદારી

**UCLH અને Whittington Health ના ક્લિનિશિયન એક ટીમ તરીકે મળીને કામ કરી રહ્યા છે.**

તમે niversity College Hospital અથવા The Whittington Hospital* માં આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટ અને કોઇપણ ફોલો-અપ સંભાળ લેવાનું પસંદ કરી શકો છો.

જો તમે આ પસંદગી કરો છો અને સર્જરીની જરૂર હોય તો:

- દિવસની સર્જરી The Whittington Hospital અથવા University College Hospital Grafton Way Building માં થઇ શકે છે
- ઇનપેશન્ટ સર્જરી University College Hospital Grafton Way Building માં કરાશે

# Royal Free London NHS Foundation Trust અને North Middlesex University Hospital NHS Trust ની ભાગીદારી

**North Middlesex University Hospital અને Royal Free London ના ક્લિનિશિયન એક ટીમ તરીકે મળીને કામ કરી રહ્યા છે.**

તમે Barnet Hospital, Chase Farm Hospital, Edgware Community Hospital, Finchley Memorial Hospital, North Middlesex University Hospital or the Royal Free Hospital* માં આઉટપેશન્ટ એપોઇન્ટમેન્ટ અને કોઇપણ ફોલો-અપ સંભાળ લેવાનું પસંદ કરી શકો છો.

જો તમે આ પસંદગી કરો છો અને સર્જરીની જરૂર હોય તો:

- કે સર્જરી Chase Farm Hospital અથવા North Middlesex University Hospital માં થઇ શકે છે

- ઇનપેશન્ટ સર્જરી Chase Farm Hospital માં કરાશે

જો તમારી સર્જરી વધુ જટિલ હોય, તો તમને Royal National Orthopaedic Hospital માં સંદર્ભિત કરવામાં આવશે. તમારી ક્લિનિકલ ટીમ, GP અથવા ફિઝીયોથેરાપિસ્ટ તમારી સાથે આ અંગે ચર્ચા કરશે.

*તમારી સર્જરીથી સીધા સંબંધિત કેટલાક પરીક્ષણો, તે હોસ્પિટલમાં થઇ શકે છે જ્યાં તમારું ઓપરેશન હોય. તમે જે સંભાળ પ્રાપ્ત કરશો તે એ જ ઉચ્ચ ગુણવત્તાની હશે, ભલે તે ગમે ત્યાં થાય.

તમને અમુક એપોઇન્ટ માટે વિડિઓ અથવા ટેલિફોન પરામર્શની ઓફર કરવામાં આવી શકે છે, જેનાથી હોસ્પિટલમાં મુસાફરીની જરૂરિયાત ઓછી થઇ શકે છે.

# ઉત્તર મધ્ય લંડન વૈકલ્પિક ઓર્થોપેડિક નેટવર્ક વિશે

ઉત્તર મધ્ય લંડન વૈકલ્પિક ઓર્થોપેડિક નેટવર્ક ઓર્થોપેડિક સંભાળ, સંશોધન અને શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રદાન કરે છે.

તે North Middlesex University Hospital NHS Trust, Royal Free London NHS Trust, Royal National Orthopaedic Hospital, University College London Hospitals NHS Foundation Trust અને Whittington Health NHS Trust દ્વારા પ્રદાન કરવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે આના પર જાઓ:

www.northlondonpartners.org.uk/ncl-elective-orthopaedic-network

NHS England ના સૌજન્યથી દર્દીના વિકલ્પો માટેની માહિતી: વૈકલ્પિક સંભાળ સેવાઓમાં વિકલ્પો:

www.england.nhs.uk/patient-choice/elective-care/